STORAGE RACK
Wholesale price as per shop/ showroom size
CUSTOMIZED
RION INDUSTRIES
Rangoli FURNITURE
FACTORY R. K. IND. ZONE-6 KUCHIYADAL TA. DIST. RAJKOT.
DHEBAR ROAD, RAJKOT.
99094 44485
97239 18483

સાંજના ગુજરાતી અખબારોમાં સૌથી વધુ નકલોનો ફેલાવો ધરાવતું...

# સાંજ સમાચાર

જેઠ સુદ-૧૪ | પાના : ૧૬ | રૂા. ૪.૦૦ સ્થાપક : બાબુભાઈ શાહ તા. ૧૦-૬-૨૦૨૫ - મંગળવાર | રાજકોટ (સીટી)

દિપકભાઈ-૯૮૨૫૩ ૫૭૧૨૪ • મહેશભાઈ-૯૭૨૫૭ ૪૫૭૪૩
રવા નાનખટાઈ
કેસર રોલ
ચોકોજામ નાનખટાઈ
ચોકો વેનીલા નાનખટાઈ
હોલસેલ અને કોર્પોરેટ ગીફ્ટ માટે પણ ઉપલબ્ધ
250 g - 500 g 1 kg પેક
ધી બોમ્બે બેકરી
સદર બજાર મેઈન રોડ, રાજકોટ

વર્ષ : ૩૯ અંક : ૨૪૭ RNI Reg.No 46322/86. Reg.No Rajkot/266/2023 PST:RMS-RJT તંત્રી : પ્રદિપભાઈ નરોત્તમદાસ શાહ sanjsamachar@gmail.com | sanjsamachar.net | SANJ SAMACHAR - RAJKOT


## માઈક્રોસોફ્ટ-ગુગલ બાદ હવે એપલ ઈવેન્ટમાં કર્મચારીએ વિરોધ દર્શાવ્યો



કેલિફોર્નિયા: અમેરિકામાં ઈમીગ્રેશનની સાથે પેલેસ્ટાઈન તરફી પણ સતત વધતા રહેલા દેખાવો અને ખાસ કરીને ટેક જાયન્ટસ કંપનીના ઈવેન્ટમાં પણ આ પ્રકારે કર્મચારીઓ ગાઝા-પેલેસ્ટાઈન માટે સહાનુભૂતિ દેખાડવાનું ચૂકતા નથી તેવી માઈક્રોસોફ્ટ અને ગુગલ બાદ ગઈકાલે યોજાયેલા એપલના વર્લ્ડવાઈડ ડેવલપર કોન્ફરન્સમાં પણ એક કર્મચારીએ ચાલુ કોન્ફરન્સે સ્ટેજ પર પહોંચી જઈને તેનું જેકેટ ખોલીને તેઓ પેલેસ્ટાઈનના નાગરિકો પહેરે છે તેવો કેફીયેર માથા પર પહેરવાનો સ્કાફ પ્રદર્શીત કર્યો હતો અને પછી હું એપલમાં કામ કરૂ છું તેવા બરાડા પાડવા લાગ્યો હતો. જો કે તે શું બોલી રહ્યો છે તે ભાગ્યે જ ઓડીયન્સમાં સંભળાતુ હતુ. બાદમાં તેને ઈવેન્ટના (અનુસંધાન છઠ્ઠા પાને)

# રાજકોટમાં કોરોનાએ પ્રથમ ભોગ લીધો : ગાંધીગ્રામના પ્રૌઢનું મૃત્યુ

### શ્વાસની તકલીફ અને તાવના કારણે ખાનગી હોસ્પિટલમાં દાખલ થયા બાદ એઈમ્સમાં ગયા, ગત રાત્રે સિવિલમાં દાખલ થયા બાદ ટુંકી સારવારમાં જ જીવ ગયો



### બ્લડપ્રેશર, સુગર સહિતની બિમારી હોવાનું નિદાન : ૫૫ વર્ષના મૃતક પુરૂષે વેકસીનના ત્રણે ડોઝ લીધા હતા : આરોગ્ય વિભાગની ટીમ વોર્ડ નં.૧માં દોડી

રાજકોટ, તા. ૧૦

રાજકોટ શહેરમાં હવે રોજના ૯ થી ૧૦ કોરોનાના કેસ આવી રહ્યા છે ત્યારે ગઇકાલે રાત્રે શહેરમાં કોરોનાએ પ્રથમ ભોગ લીધો છે. ગત રાત્રે સિવિલ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવેલા ગાંધીગ્રામ વિસ્તારના ૫૫ વર્ષના પુરૂષનું ટુંકી સારવારમાં મૃત્યુ થતા આજે આરોગ્ય તંત્રમાં દોડધામ મચી હતી. આ દર્દીએ બહારગામનો પ્રવાસ કર્યો ન હતો અને વેકસીનના પણ ત્રણ ડોઝ લીધા હોવાનું બહાર આવ્યું છે.

આરોગ્ય વિભાગની ટીમે વોર્ડ નં.૧ના આ ગાંધીગ્રામ વિસ્તારમાં જયાં દર્દી રહેતા હતા તે વિસ્તારમાં સર્વેલન્સ અને ટ્રેસીંગની કામગીરી હાથ ધરી છે. સાથે જ આ દર્દીને અન્ય બિમારીઓ (કો-મોર્બીડ) હોવાનું પણ જાણવા મળેલ છે.

ગાંધીગ્રામ વિસ્તારમાં રહેતા ૫૫ વર્ષના પુરૂષને પાંચ-છ દિવસથી શ્વાસ લેવામાં તકલીફ પડતી હતી. ચારેક દિવસ પહેલા તેમને હળવા તાવનું નિદાન થતા પંચનાથ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. તેમને રાબેતા મુજબની સારવાર આપીને એઇમ્સ હોસ્પિટલમાં લઇ જવામાં આવ્યા હતા. તે બાદ ગઇકાલે સિવિલ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવતા રાત્રે ૧૨.૫૦ કલાકે જ દર્દીનું સારવાર દરમ્યાન અવસાન થયું હતું. આ દર્દીએ કોવિડ વેકસીનના ત્રણ ડોઝ લીધાનું પ્રાથમિક તપાસમાં બહાર આવ્યું છે. તો તેઓની કોઇ ટ્રાવેલ હિસ્ટ્રી મળી નથી. આથી તેમને સંક્રમણ કયાંથી લાગ્યું તે ચોકકસ બહાર આવ્યું નથી. સ્થાનિક કક્ષાએ જ ચેપ લાગ્યાની ધારણા છે.

બીજી તરફ સિવિલ અને મનપા આરોગ્ય વિભાગના તંત્રએ આ દર્દી કો-મોર્બીડ હોવાનું પણ કહ્યું છે. આ દર્દીને એક વર્ષથી બ્લડપ્રેશરની તકલીફ હતી અને તાજેતરમાં ડાયાબીટીસનું પણ નિદાન થયું હતું. તે દરમ્યાન તેઓને શ્વાસની તકલીફ અને તાવનું નિદાન થતા સારવાર માટે લઇ જવામાં આવ્યા હતા. ચાલુ (અનુસંધાન છઠ્ઠા પાને)

## ભૂમીદળ વડા જનરલ ઉપેન્દ્ર દ્રીવેદીએ કેદારનાથના દર્શન કર્યા



દહેરાદૂન: ભારતીય સૈન્યના ઓપરેશન સિંદુરમાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવનાર ભૂમીદળ વડા જનરલ ઉપેન્દ્ર દ્રીવેદીએ કુટુંબ સાથે કેદારનાથના દર્શન કર્યા હતા. તેઓને કેદારનાથના પુજારીઓ દ્વારા ખાસ હવન વિધિ પણ કરાવવામાં આવી હતી. જનરલ દ્રીવેદીનું અહી તિર્થ પુરોહીત સમાજ દ્વારા સ્વાગત કરાયુ હતું. બાદમાં જનરલે પુજા સહિતની વિધિ કરી હતી. તેઓ લગભગ અડધો કલાક અહી મંદિરમાં રોકાયા હતા. તેઓએ બાબા કેદારનાથના દર્શને આવીને એક પરમ શાંતિનો અહેસાસ થતો હોવાનું જણાવ્યું હતું. ચારધામ યાત્રાના પ્રારંભ બાદ બાબા કેદારનાથના દર્શનાર્થીઓની વીવીઆઈપી સંખ્યા પણ થઈ છે. દિલ્હીના મુખ્યમંત્રી રેખા ગુપ્તા પણ તા.૨ જૂનના કેદારનાથ આવ્યા હતા. ઝારખંડના મુખ્યમંત્રી હેમંત સોરેન પણ દર્શન કરી ગયા છે. ગઈકાલે એક જ દિવસમાં ૨૨૫૩૨ શ્રદ્ધાળુઓએ કેદારનાથના દર્શન કર્યા હતા. આ વર્ષે કેદારનાથ યાત્રાના યાત્રાળુઓ માટે સુવિધા વધી છે.

### લોકો પાસેથી સૂચન મેળવી સમીક્ષા કર્યા બાદ ફેરફાર લાગુ પડશે

# હવે વાહનોનો થર્ડ પાર્ટી વીમો થઈ જશે ૧૮ ટકા જેટલો મોંઘો

### ઈરડાએ પ્રિમીયમ વધારવાનો કર્યો પ્રસ્તાવઃ કેટલાંકમાં તો ૧૮ ટકાથી વધુ વધારો શકય

મુંબઈ તા.૧૦

હવે ટુંક સમયમાં આપને ગાડીઓનો ઈસ્યોરન્સ ખરીદવા માટે વધુ પૈસા ચુકવવા પડી શકે છે. ધી ઈસ્યોરન્સ રેગ્યુલેટરી એન્ડ ડેવલપમેન્ટ ઓથોરીટી ઓફ ઈન્ડિયા (આઈઆરડીએઆઈ)એ મોટર થર્ડ પાર્ટી (ટીપી) વીમા પ્રિમીયમમાં સરેરાશ ૧૮ ટકાના વધારાનો પ્રસ્તાવ રાખ્યો છે. જોકે કેટલીક ગાડીઓની કેટેગરીમાં આ વધારો ૨૦ ટકાથી ૨૫ ટકા સુધી હોઈ શકે છે. પ્રસ્તાવ હાલમાં સડક પરિવહન અને હાઈવે મંત્રાલય દ્વારા સમીક્ષાને આધિન છે જેના આગામી બેથી ત્રણ સપ્તાહમાં પોતાના નિર્ણયની જાહેરાત



થવાની આશા છે.

ઈન્ડસ્ટ્રીઝનાં એક જાણકારે જણાવ્યું હતું કે છેલ્લા ચાર વર્ષથી વધુની રોક બાદ ઈરડાએ આ પ્રસ્તાવ એવા સમયે કર્યો છે.જયારે વ્યાપક જનરલ ઈસ્યોરન્સ ઈન્ડસ્ટ્રી વધતા દાવા અને ફિકસ્ડ પ્રાઈસીંગ સ્ટ્રકચરનો સામનો કરી રહ્યુ છે. સ્ટેટ હોલ્ડર્સનું કહેવુ છે કે આ વધારો વધતી વીકલ ડેન્સીટી મોંઘવારીનું દબાણ અને વળતર સાથે તાલમેલ રાખવો જરૂરી છે.

જોકે મંત્રાલયની મંજુરી બાદ એક ડ્રાફટ નોટિફીકિશન જાહેર કરવામાં આવશે.

ત્યારબાદ અન્ય પ્રક્રિયા જેમ કે સુચન લેવા અને સમીક્ષા કરવામાં આવશે. ત્યારબાદ ફેરફાર લાગુ થશે.

**શું છે મોટર થર્ડ પાર્ટી?**

મોટર થર્ડ પાર્ટી વીમો મોટર વાહન અધિનિયમ અંતર્ગત ફરજીયાત છે. આ વીમો આપના વાહન સાથે દુર્ઘટનાની (અનુસંધાન છઠ્ઠા પાને)

## દુનિયાની તુલનામાં ભારતમાં બિન જીવનવીમા બે ગણા મોંઘા

નવી દિલ્હી તા.૧૦

દુનિયાનાં અન્ય દેશોની તુલનામાં ભારતમાં બિનજીવન વીમા બે ગણા મોંઘા છે. દેશમાં લોકો પર વીમા સુરક્ષા મેળવવાનો બોજ સતત વધતો જાય છે. ખર્ચામાં વધારાનો હવાલો આપીને બીન જીવનવીમા પોલિસીના પ્રિમીયમ સતત વધારવામાં આવે છે.

રિપોર્ટ કહે છે કે આ બે વર્ષમાં દુનિયાનાં બાકી દેશોની તુલનામાં ભારતમાં વીમાની કિંમતોમાં ડબલથી વધુ વધારો થશે. ઉલ્લેખનીય છે કે આ વધારો એવા સમયે થઈ રહ્યો છે જયારે ખુદ સરકાર પણ માની રહી છે કે કંપનીઓ સ્વાસ્થ્ય વીમો મનમાની રીતે વધારી રહી છે. આ બિન જીવન વીમા પોલીસીમાં સ્વાસ્થ્ય, ખેતીપાક, અગ્નિ, સમુદ્રી સંપતિ, કારખાના, દુકાન, યાત્રા વગેરે વીમા સામેલ છે.

### ૧૮ વર્ષની રાહ જોયા બાદ આઈપીએલ ખિતાબ જીતનારી કંપની હવે નવા માલિક મેળવશે

# રોયલ ચેલેન્જર બેંગ્લોર વેચાઈ જશે!



## ડિઆગો દ્વારા તૈયારી

### બ્રિટીશ માલિકીની શરાબ કંપની હાલની આરસીબીની શ્રેષ્ઠ વેલ્યુ મેળવવા તૈયારઃ રૂા. ૧૭,૦૦૦ કરોડ કિંમત મુકાઈ

બેંગ્લુરુ તા.૧૦

૧૮ વર્ષના લાંબા ઈન્તજાર બાદ રોયલ ચેલેન્જર બેંગ્લોરની ટીમ આઈપીએલનો ખિતાબ જીતવામાં સફળ રહી છે અને તેની સાથે હવે આરસીબીની બ્રાન્ડ વેલ્યુ પણ વધી ગઈ છે તેનો લાભ ઉઠાવીને આ ટીમના માલીક અને શરાબ બનાવતી કંપની ડીઆગો હવે આરસીબીને વેચીને રોકડી કરે તેવા સંકેત છે અને આ સોદો અંદાજે રૂા. ૧૭,૦૦૦ કરોડમાં થઈ શકે છે. એક સમયે દેશના લીકર કીંગ વિજય માલ્યાએ આઈપીએલના ઓકશનમાં બેંગ્લુરુ માટે જે ક્રિકેટ ટીમ (અનુસંધાન છઠ્ઠા પાને)

# અમેરિકી એરપોર્ટ પર ભારતીય વિદ્યાર્થી સાથે અમાનવીય વર્તનઃ ઉગ્ર આક્રોશ

### વિદ્યાર્થીને હાથકડી પહેરાવી જમીન પર દબાવાયોઃ દુઃખદ ઘટના સામે આવતાં ભારતીય દૂતાવાસ હરકતમાં



નવી દિલ્હી, તા.૧૦

અમેરિકાના નેવાર્ક એરપોર્ટ પર એક ભારતીય વિદ્યાર્થી સાથે થયેલા અમાનવીય વર્તનથી લોકોમાં આક્રોશ છે. સોશિયલ મીડિયા પર ફરતા થયેલા વીડિયોમાં, દેશનિકાલ કરવામાં આવી રહેલા વિદ્યાર્થીને હાથકડી પહેરાવીને જમીન પર દબાવી દેવામાં આવ્યો છે. ન્યૂયોર્કમાં ભારતીય કોન્સ્યુલેટ જનરલે કહ્યું, 'અમે આ સંદર્ભમાં સ્થાનિક અધિકારીઓના સંપર્કમાં છીએ.'

ભારતીય વિદ્યાર્થી સાથેના અમાનવીય વર્તનનો આ વીડિયો શેર કરતા, સોશિયલ મીડિયા યુઝર અને હિન્દીમાં પુસ્તકો લખતા ભારતીય-અમેરિકન ઉદ્યોગ સાહસિક કુણાલ જૈને ભારતીય વિદેશ મંત્રાલય અને વિદેશ મંત્રી એસ.જયશંકરને પણ ટેગ કર્યા છે અને તે વિદ્યાર્થી માટે મદદ માંગી છે. તેમણે લખ્યું છે, 'ગઈકાલે રાત્રે મેં નેવાર્ક એરપોર્ટ પર એક યુવાન ભારતીય વિદ્યાર્થીને દેશનિકાલ થતો જોયો. તેને હાથકડી પહેરાવવામાં આવી હતી અને તે રડી રહ્યો હતો. એક NRI તરીકે, હું લાચાર અનુભવતો હતો. આ એક માનવીય દુર્ઘટના છે.'

### તેની ખાસિયત છે દુશ્મનનાં મુવીંગ ટાર્ગેટની તબાહી કરવી

# સૈન્યને મળશે નવી એર ડિફેન્સ સિસ્ટમ QRSAM

### નવી એર ડિફેન્સ સિસ્ટમ ચીન અને પાકિસ્તાન બોર્ડરે તૈનાત કરાશે; ૩૦ હજાર કરોડમાં ડીલ થશેઃ હાલ દેશ પાસે આકાશ, એસ-૪૦૦ એર ડિફેન્સ સિસ્ટમ મોજુદ જેણે પાકિસ્તાનને પરચો બતાવેલો

નવી દિલ્હી તા.૧૦

ભારતીય સેનાને ટુંક સમયમાં જ નવી એર ડીફેન્સ સિસ્ટમ જોવા મળી શકે છે. ડિફેન્સ અધિકારીઓનાં જણાવ્યા મુજબ રક્ષા મંત્રાલય ચીન અને પાકિસ્તાનની બોર્ડર પર તૈનાતી માટે કિવક રિએકશન સરફેસ ટુ એર મિસાઈલ સિસ્ટમ (કયુઆરએસએમ)ની



ત્રણ રેજીમેન્ટ ખરીદવાનો વિચાર કરી રહી છે.

આ ડીલ ૩૦ હજાર કરોડ રૂપિયાની થશે. કયુઆરએસએમ દિવસ અને રાત બન્ને સમય કારગત છે. તેનું સફળ પરીક્ષણ પણ કરવામાં આવી રહ્યું છે. અધિકારીઓનાં જણાવ્યા મુજબ આ ડિફેન્સ રિસર્ચ એન્ડ ડેવલપમેન્ટ ઓર્ગેનાઈઝેશન (ડીઆરડીઓ)ને તૈયાર કર્યું છે.તેને એક જગ્યાએથી બીજી જગ્યાએ લઈ જઈ શકાય છે.

કયુઆરએસએમ સિસ્ટમમાં મુવીંગ ટાર્ગેટ ખોજવા, ટ્રેક કરવા અને ઓછા સમયમાં ફાયર કરવાની કેપીસીટી છે. લગભગ ૪૦ કિલોમીટરની રેન્જની સાથે કયુઆરએસએમ મીડીયમથી ઓછા ડિસ્ટેન્સમાં મીડીયમ રેન્જ સરફેસ ટુ એર મિસાઈલ સિસ્ટમ (એમઆરએસએમ) અને આકાશ જેવી મોજુદ એર ડિફેન્સ સિસ્ટમને સપોર્ટ કરશે.આ ડિફેન્સ સિસ્ટમને સેનામાં સામેલ કરવા માટે કાઉન્સીલની બેઠક જુનના (અનુસંધાન છઠ્ઠા પાને)

# અમેરિકાની સ્ટુડન્ટ વિઝા પ્રક્રિયા ફરી શરૂ




મુંબઈ તા.૧૦

અમેરિકાના પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે વિદ્યાર્થી વિઝા પ્રક્રિયા પર જે પ્રતિબંધ મુકયો હતો તેની સામે અમેરિકાની કોર્ટે સ્ટે આપી દેતા ફરી એક વખત વિઝા પ્રક્રિયા શરુ થઈ છે. હાર્વર્ડ સાથેના વિવાદમાં અમેરિકાએ પુરી સ્ટુડન્ટ વિઝા પ્રક્રિયા ઠપ્પ કરી હતી અને તેના કારણે ભારતના હજારો વિદ્યાર્થીઓ જે વિઝા એપોઈન્ટમેન્ટ માટે રાહ જોતા હતા તેઓને અનિશ્ચિત સ્થિતિનો સામનો કરવો પડે તેવુ બની ગયુ હતું પરંતુ અમેરિકાની ડીસ્ટ્રીકટ કોર્ટ દ્વારા ટ્રમ્પના આ નિર્ણય પર સ્ટે મુકી દીધો હતો અને તે વિઝા પ્રક્રિયાને આગળ ધપાવવા આદેશ આપ્યો છે. જેના કારણે હવે વિદ્યાર્થીઓને નવી એપોઈન્ટમેન્ટ ડેટ મળવા લાગશે. જો કે અમેરિકામાં જતા વિદ્યાર્થીઓની સંખ્યા હવે ઘટી ગઈ છે.

HCG CANCER CENTRE | Aastha Oncology
કેન્સરની સારવારમાં નિષ્ણાંત
એચસીજી આસ્થા કેન્સર સેન્ટર,
અમદાવાદના ડૉક્ટર્સની સેવાઓ
હવે, રાજકોટ અને મોરબી માં
ડૉ. પરીન પટેલ
મોં અને ગળાના કેન્સરના નિષ્ણાંત
M.B.B.S., M.S., FHNS, FGOLF (IFHNOS)
સ્કલ બેઝ ઓન્કોલોજી ફેલોશિપ ટાટા મેમોરિયલ સેન્ટર મુંબઈ
હેડ ઍન્ડ નેક સર્જિકલ ઓન્કોલોજીસ્ટ અને સ્કલ બેઝ સર્જન
નિમ્નલિખિત લક્ષણો જણાય તો કેન્સર હોઈ શકે છે
• મોંમા લાંબા સમયથી લાલ કે સફેદ રંગનું ન રૂઝાતું ચાંદુ
• મોઢામાં, જડબામાં તથા જીભમાં ગાંઠ હોય
• ગળવામાં તકલીફ થતી હોય
• ગળામાં ગાંઠ અથવા સોજો હોય
• થાઈરોઈડ અને લાળગ્રંથીનાં કૅન્સર
• સાયનસ અને કાનનાં કૅન્સર (Skull Base Tumours)
ઓપીડી સ્થળ:
એચસીજી હૉસ્પિટલ, રાજકોટ
અયોધ્યા ચોક, ઓફ, ૧૫૦ ફીટ રીંગ રોડ,
આસ્થા એવન્યુ પાસે
દર મહિના ના બીજા શનિવારે
સવારે : ૧૦:૦૦ થી ૧૧:૩૦
સંસ્કાર ઈમેજિંગ સેન્ટર, મોરબી
જીઆઈડીસી મેઈન રોડ,
ન્યૂ બસ સ્ટેશન પાસે
દર મહિના ના બીજા શનિવારે
બપોરે : ૧:૩૦ થી ૨:૧૫
માહિતી અથવા રજીસ્ટ્રેશન માટે સંપર્ક કરો :
+91 7573002245, 6358888817

હાથી
ખજુર ચટણી
અને
ચિલ્લી ગાર્લીક ચટણી
સ્વાદિષ્ટ ચટણીની સાથે માણો આપના મનપસંદ વ્યંજનો...
બ્રેડ કટકા, ભેળ, પાણીપુરી, ભજીયા,
વડાપાંવ, દાબેલી, સમોસા, ઘુઘરા,
તથા દાલ પકવાન બનાવા માટે...
૧૦૦ ગ્રામ, ૨૦૦ ગ્રામ તથા ૫૦૦ ગ્રામ
ના પેકીંગ માં ઉપલબ્ધ
હાથી મસાલા
પરા બજાર : ૯૮૭૯૫ ૦૬૦૦૬
નાના મૌવા સર્કલ : ૯૫૧૨૪ ૬૯૯૯૯
મવડી ચોકડી : ૯૬૮૭૭ ૪૪૭૭૨
કુવાડવા રોડ : ૯૬૨૪૨ ૨૪૮૫૩

કન્યા જોઈએ છે
રાજકોટ સ્થિત જૈન પરિવારના Sept. 1993 બોર્ન / 5'7" / 67kg બેચલર ઓફ એન્જિનીયરીંગ, સ્વતંત્ર વ્યવસાય, પોશ વિસ્તારમાં રેસીડેન્સ, પ્રતિભાશાળી વ્યક્તિત્વ, નિર્વ્યસની, સુખી સાધનસંપન્ન નાના પરિવારના અપરણિત યુવક માટે સંસ્કારી, મધ્યમવર્ગીય, સ્લિમ, ગ્રેજ્યુએટ મિનીમમ, યુવતીના વાલી તરફથી સંપર્ક આવકાર્ય છે. સ્વજ્ઞાતિને અગ્રતા, ઉચ્ચજ્ઞાતિ બાધ નથી.
સંપર્ક : હિમાંશુ ચિનોય M. 98980 32600

વેચવાનો છે
ચાલુ સીમેન્ટ પ્લાન્ટ
કીલન - ૨, સીમેન્ટ મીલ - ૨
હડમતાલા ઈન્ડસ્ટ્રીઝ એરીયા
૪ એકર જગ્યામાં Capacity 150 tun
મો. 9909972393

# દેશમાં ઈ-પાસપોર્ટ સેવા વિસ્તરશે, બધી વિગતો ચિપમાં, છેતરપિંડીની શકયતા નહી

## ૨૦૨૪માં દિલ્હી, હૈદ્રાબાદ, અમૃતસર, ચેન્નાઈ બાદ હવે દેશના અન્ય ભાગોમાં ઈ-પાસપોર્ટ સેવા લોન્ચ થશે



નવી દિલ્હી તા.૧૦

દિલ્હીમાં સામાન્ય બુકલેટવાળા પાસપોર્ટના બદલે આઈએફઆઈડી (રેડિયો ફ્રિકવન્સી આઈડેન્ટીફીકેશન) ચિપવાળા પાસપોર્ટ બનવા શરૂ થઈ ચૂકયા છે. પાસપોર્ટના કવર પર લાગેલ આ નાનકડી ચિપમાં પાસપોર્ટધારકની પુરી વિગત નોંધાશે.


પાસપોર્ટ વિભાગનું કહેવું છે કે આઈએફઆઈડી ચિપવાળા પાસપોર્ટ સામાન્ય પાસપોર્ટની તુલનામાં વધુ સુરક્ષિત રહેશે, તેમાં છેડછાડ કરવી સંભવ નથી. વર્ષ ૨૦૨૪માં હૈદ્રાબાદ, અમૃતસર, ચેન્નાઈ સહિત દેશના ૧૨ ક્ષેત્રીય પાસપોર્ટ કાર્યાલયમાં તેને પાયલોટ પ્રોજેકટ તરીકે શરૂ કરવામાં આવ્યા હતા. તેમાં સફળતા બાદ અન્ય શહેરોમાં પણ ઈ-પાસપોર્ટ લોન્ચ કરવામાં આવ્યા છે. એક અધિકારીએ જણાવ્યું હતું કે દિલ્હીમાં હવે જે નવા પાસપોર્ટ બનશે કે જેનુ નવીનીકરણ થશે તે બધા આરએફઆઈડી ચિપવાળા હશે. પાસપોર્ટ પર લાગેલી ચિપમાં ચહેરાનો ફોટો, આંગળીના નિશાન, આઈરીસ સ્કેન સહિત એન્ક્રીપ્ટેડ વ્યકિતગત અને બાયોમેટ્રીક ડેટા હોય છે.

ઠગાઈ કરવી મુશ્કેલ બનશે: ઈ-પાસપોર્ટને વધુ સુરક્ષિત માનવામાં આવે છે. પાસપોર્ટ વિભાગનું કહેવું છે કે ઈ-પાસપોર્ટ ઈ-પાસપોર્ટમાં છેડછાડ, ઠગાઈ, નકલી પાસપોર્ટ જેવી આપરાધિક ગતિવિધિ નહીં થઈ શકે. જૂના પાસપોર્ટની માન્યતાની તારીખ માન્ય છે, તેને હજુ બદલવાની જરૂર નથી.

# વારસો આનુ નામ! પિતાના રૂા.૧ લાખના શેરની કિંમત હવે કરોડો

## ૩૦ વર્ષ પૂર્વેના શેરના કાગળો મળતા જ પુત્ર રાતોરાત માલામાલ થઈ ગયો

એવું કહેવાય છે કે નસીબ ક્યારે કોના દરવાજા પર ખખડાવશે તે કોઈ કહી શકતું નથી. શેરબજારમાં રોકાણ કરવું જોખમી હોઈ શકે છે, પરંતુ લાંબા ગાળે તે તેના રોકાણકારો માટે નફાકારક સોદો સાબિત થયો છે. આવી જ એક ઘટના પ્રકાશમાં આવી જ્યારે એક વ્યક્તિને અચાનક ૧૯૯૫ માં ખરીદેલા શેરના પ્રમાણપત્રો ઘરે મળી આવ્યા. આ દસ્તાવેજો તે વ્યક્તિના પિતા દ્વારા ખરીદેલા JSW શેર સાથે સંબંધિત હતા, જેમાં ૧ લાખ રૂપિયાનું રોકાણ કરવામાં આવ્યું હતું, જેની કિંમત હવે લગભગ ૮૦ કરોડ રૂપિયા છે. આમ આ વ્યક્તિ પળવારમાં કરોડપતિ બની ગયો. આ મામલો સોશિયલ મીડિયા પર વધુને વધુ વાયરલ થઈ રહ્યો છે.



**૩૦ વર્ષ પહેલા શેર ખરીદવામાં આવ્યા હતા અને ભૂલી ગયા હતા**

અહેવાલ મુજબ, એક રેડિટ યુઝરને અચાનક કરોડો રૂપિયા વારસામાં મળ્યા જ્યારે તેને ૩૦ વર્ષ પહેલા તેના પિતા દ્વારા ખરીદેલા ઉંજ્ઞ સ્ટીલના શેરના પ્રમાણપત્રો મળ્યા. JSW શેર આ વ્યક્તિના પિતા દ્વારા ૯૦ ના દાયકામાં ખરીદવામાં આવ્યા હતા અને ૧ લાખ રૂપિયાનું રોકાણ કરવામાં આવ્યું હતું અને પછી તે ભૂલી ગયું હતું. હવે ૩ દાયકા પહેલા પિતા દ્વારા કરવામાં આવેલ આ રોકાણ શેરના વર્તમાન મૂલ્ય અનુસાર લગભગ ૮૦ કરોડ રૂપિયા થઈ ગયું છે.

**યુઝર્સે કહ્યું – 'આ ખરેખર જાદુઈ છે...'**

શેરબજારના રોકાણકાર સૌરવ દત્તાએ સોશિયલ મીડિયા પ્લેટફોર્મ ટ્વિટર (હવે X) પર આ બાબતને લગતી પોસ્ટ્સ અને ચિત્રો શેર કર્યા છે. આ પોસ્ટ વધુને વધુ વાયરલ થઈ રહી છે અને વપરાશકર્તાઓ તેના પર ટિપ્પણી કરી રહ્યા છે. એક X વપરાશકર્તાએ લાંબા ગાળાના રોકાણના ફાયદાઓ પર ધ્યાન કેન્દ્રિત કર્યું અને લખ્યું, 'સારા શેરને વેચવામાં ઉતાવળ ન કરો, જો મૂળભૂત બાબતો યોગ્ય હોય, તો સમયને તેનું કામ કરવા દો.' JSW શેર સંબંધિત આ બાબત લાંબા ગાળાના રોકાણની શક્તિ દર્શાવે છે. બીજા એક વપરાશકર્તાએ પોસ્ટ કરી કે હવે, તે નિવૃત્ત થઈ શકે છે અને શાંતિથી પોતાનું જીવન જીવી શકે છે. તો બીજા એક વપરાશકર્તાએ લખ્યું કે લોકોને ખ્યાલ નથી કે સમય જતાં સ્ટોક સ્પ્લિટ, બોનસ અને ડિવિડન્ડ કેવી રીતે વધે છે, તે ખરેખર જાદુઈ છે.

**કંપનીનું માર્કેટ કેપ ૨.૪૬ લાખ કરોડ છે**

JSW સ્ટીલના શેરની વાત કરીએ તો, હવે તે ૨.૪૬ લાખ કરોડની કંપની છે અને અઠવાડિયાના પહેલા ટ્રેડિંગ દિવસે સોમવારે શેરની કિંમત ૧૦૦૯.૫૦ પર ટ્રેડ થઈ રહી છે. આ શેરે લાંબા ગાળે રોકાણકારોને મોટો ફાયદો આપ્યો છે. જો આપણે ૨૦ વર્ષના ડેટા પર નજર કરીએ, તો રોકાણકારોને મળેલું વળતર ૨,૪૮૪.૩૪ ટકા રહ્યું છે. જ્યારે છેલ્લા પાંચ વર્ષમાં જ આ શેરના ભાવમાં ૪૩૩.૬૯ ટકાનો વધારો થયો છે.

પહેલા શેર ફક્ત ભૌતિક સ્વરૂપમાં ખરીદવામાં આવતા હતા અને વેચવામાં આવતા હતા, અને શેરમાં રોકાણ કરનારા લોકો ખૂબ ઓછા હતા. પરંતુ લગભગ ત્રણ દાયકા પહેલા શેરબજારમાં રોકાણ કરનારા લોકો આજે અમીર બની ગયા છે. જેમને જૂના શેર પ્રમાણપત્રો મળે છે, તેમને પાછા મેળવવાની પ્રક્રિયા ડીમેટ ખાતું ખોલીને માલિકીની પુષ્ટિ કરવાથી શરૂ થાય છે. એટલે કે, વ્યક્તિએ પહેલા આ દસ્તાવેજને ડિજિટલ સ્વરૂપમાં ટ્રાન્સફર કરાવવા પડશે, આ માટે, જે વ્યક્તિના નામે આ શેર છે તેના દસ્તાવેજો અને પરિવારના સભ્યોના દસ્તાવેજો સબમિટ કરવા પડશે. પછી આ શેર ડીમેટ ખાતામાં ટ્રાન્સફર કરવામાં આવશે. ત્યારબાદ પરિવારના સભ્યો તેને રોકડમાં મેળવી શકશે.

# બિહારમાં આખુ પોલીસ સ્ટેશન જ નકલી નિકળ્યુ

## કેમ્પ કરી ભરતી કરીઃ ડયુટી કરાવી

બિહારના પૂર્ણિયામાં નકલી પોલીસ સ્ટેશન ઇન્ચાર્જ બનીને ગ્રામ રક્ષા દળ અને હોમગાર્ડસમાં નકલી ભરતી કરાવીને અનેક લોકો સાથે લાખો રૂપિયાની છેતરપિંડી કરવાની ઘટના સામે આવી છે. આ ઘટના કસ્બા પોલીસ સ્ટેશન વિસ્તારના મોહિની પંચાયતના બટૌના ગામની છે. કહેવાય છે કે પૂર્ણિયાના રાહુલ કુમાર સાહે મોહિનીના બટૌનામાં પણ એક નકલી કેમ્પ ખોલ્યો હતો, જ્યાં તે યુનિફોર્મ પહેરીને બેસતો હતો. અને ગ્રામ રક્ષક દળમાં ભરતીના નામે લોકોને છેતરતો હતો. આ અંગે ઘણા લોકોએ કસ્બા પોલીસ સ્ટેશનમાં અરજી આપીને રાહુલ કુમાર સાહ વિરુદ્ધ ફરિયાદ નોંધાવી છે.



પીડિત સંજીવ કુમાર, નરેશ કુમાર રાય અને યુવતી બબીતાએ જણાવ્યું હતું કે રાહુલ કુમાર સાહે તેમની સાથે છેતરપિંડી કરી છે. તેણે ગ્રામ રક્ષક દળમાં ભરતીનું વચન આપીને લોકો પાસેથી ૧૦,૦૦૦થી ૧૫,૦૦૦ રૂપિયા પડાવ્યાનો આરોપ છે. લોકો પાસેથી પૈસા પડાવીને ભરતીના નામે પોલીસનો યુનિફોર્મ બનાવડાવ્યો અને કેટલાક લોકો પાસે મેળા અને અન્ય જગ્યાએ ડ્યૂટી પણ કરાવી હતી.

રાહુલ સાહ લગભગ ૫૦૦ જેટલા લોકો સાથે લાખો રૂપિયાની છેતરપિંડી કરીને ફરાર થઈ ગયો છે.

પોલીસ સ્ટેશન ઇન્ચાર્જ અજય કુમાર અજનાબીએ જણાવ્યું હતું કે, કેટલાક લોકોએ શહેરના રહેવાસી રાહુલ કુમાર સાહ વિરુદ્ધ અરજીઓ દાખલ કરી છે, જેમાં ગ્રામ રક્ષક દળમાં ભરતીના નામે રૂપિયાની છેતરપિંડી કરવાનો આરોપ મૂકવામાં આવ્યો છે. એફઆઈઆર નોંધવામાં આવી છે, પરંતુ આરોપી હાલમાં ફરાર છે. પરિવારે તેને ટૂંક સમયમાં આત્મસમર્પણ કરાવવાનું વચન આપ્યું છે.

તેમણે કહ્યું કે રાહુલ સાહે મોહિની પંચાયતના બટૌના ગામમાં ગ્રામ રક્ષક દળ ભરતી માટે કેમ્પ પણ લગાવ્યો હતો. આ દરમિયાન, યુનિફોર્મ પહેરીને તે લોકો સાથે પૈસાની છેતરપિંડી કરીને ભાગી ગયો હતો. ટૂંક સમયમાં તેની ધરપકડ કરવામાં આવશે. જો સ્થાનિક લોકોનું માનવામાં આવે તો રાહુલ એટલો ચાલબાજ છે કે તેણે મોહિની પંચાયતના વડા શ્યામ સુંદર ઓરાંવ દ્વારા શિબિરનું ઉદ્ઘાટન કરાવ્યું.

# બનાસકાંઠામાં એક જ દિવસમાં રીંછ અને દિપડાએ ૪ લોકો પર જીવલેણ હુમલો કર્યો





બનાસકાંઠા જિલ્લામાં દાંતા અને અને તેની આસપાસ દિવસે પણ રીંછના આંટાફેરા થતા હોય છે ત્યારે કોઈવાર રીંછ માનવ પર હુમલો કરવાની ઘટના સામે આવતી હોય છે. જો કે, આ વખતે એક જ દિવસમાં રીંછે એક ખેડૂત પર અને દીપડાએ એક જ પરિવારના ત્રણ લોકો પર હુમલો કરી દેતા સમગ્ર પંથકમાં ચકચાર મચી જવા પામી છે. લોકોમાં રીંછ અને દીપડાના હુમલાને લઈ ડરનો માહોલ છે.

પ્રાપ્ત વિગતો અનુસાર, બનાસકાંઠાના દાંતાના ગાજીપુરમાં ખેતરમાં કામ કરી રહેલા યુવક ખેડૂત પર રીંછે જીવલેણ હુમલો કર્યો હતો. જેને લઈ ખેડૂતને તાબડતોબ પાલનપુર સિવિલમાં સારવાર માટે ખસેડયો હતો. જ્યારે અમીરગઢના ખેમરાજિયામાં દીપડાએ એક જ પરિવારના ત્રણ લોકો પર એકાએક હુમલો કરી દીધો હતો. જેથી ત્રણ લોકો ઈજાગ્રસ્ત થયા હતા. દીપડાએ ઘરે આવીને અચાનક એક પરિવાર પર તૂટી પડયો હતો.

આ ઈજાગ્રસ્ત ત્રણ લોકોને ૧૦૮થી સારવાર માટે પાલનપુર સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. હાલ આ ચારેય લોકો પાલનપુરની સરકારી સિવિલ હોસ્પિટલમાં સારવાર હેઠળ છે. જ્યારે સ્થાનિક લોકોમાં રીંછ તેમજ દીપડાને લઈ ભયનો માહોલ છે.

# ભારતના હાથે માર ખાધા બાદ પાક. હવે એર ડિફેન્સ શોધે છે

## અમેરિકા પાસે હથિયારોની ભીખ માંગી

ઓપરેશન સિંદૂરમાં પાકિસ્તાનના હુમલાઓનો જવાબ આપતા ભારતે તેના ૧૧ લશ્કરી ઠેકાણાઓને પણ નુકસાન પહોંચાડ્યું હતું. ભારતના એર ડિફેન્સ અને લશ્કરી પરાક્રમ સામે પાકિસ્તાને સંપૂર્ણપણે શરણાગતિ સ્વીકારી અને હારનો સામનો કરવો પડ્યો. આવી સ્થિતિમાં પાડોશી દેશ હવે અમેરિકા સામે હથિયારો ખરીદવા માટે ભીખ માંગે છે.



વોશિંગ્ટનમાં ૧૩ સભ્યોના પાકિસ્તાની પ્રતિનિધિમંડળે અદ્યતન અમેરિકન હથિયારોની માંગ કરી છે. પાકિસ્તાનના કેન્દ્રીય મંત્રી મુસાદિક મલિકે અમેરિકાને એર ડિફેન્સ સિસ્ટમ અને ફાઈટર વિમાનો વેચવા ભીખ માંગી હતી.

સોશિયલ મીડિયા પર વાઈરલ થયેલા એક વીડિયોમાં પાકિસ્તાની મંત્રી મલિકે કહ્યું, 'ભારત ૮૦ વિમાનો સાથે આવ્યું હતું, જેમાં ૪૦૦ મિસાઈલો હતી, જેમાંથી કેટલાક પરમાણુ હથિયારો લઈ જવા સક્ષમ હતા. તમે જોયું જ હશે કે અમારી સાથે શું થયું.

જો અમારી પાસે એર ડિફેન્સ સિસ્ટમ ન હોત, તો અમે કાટમાળમાં ફેરવાઈ ગયા હોત. ભારત જે ટેકનોલોજીનો ઉપયોગ કરી રહ્યું છે તે ખૂબ જ અદ્યતન છે. તેથી, અમે કહીએ છીએ કે અમને તે ટેકનોલોજી આપો, અમે તે તમારી પાસેથી ખરીદીશું.'

પાકિસ્તાનના કેન્દ્રીય મંત્રી મુસાદિક મલિક પાકિસ્તાન પીપલ્સ પાર્ટીના પ્રમુખ અને પૂર્વ વિદેશ મંત્રી બિલાવલ ભુટ્ટો ઝરદારીના નેતૃત્વ હેઠળની ટીમનો ભાગ છે, જે હાલમાં અમેરિકા અધિકારીઓ અને સાંસદો સાથે વાતચીત કરવા માટે વોશિંગ્ટનમાં છે. પાકિસ્તાને પણ ભારતનું અનુકરણ કરીને બિલાવલ ભુટ્ટોના નેતૃત્વમાં એક પ્રતિનિધિમંડળને વિદેશ પ્રવાસ પર મોકલ્યું છે.

# વિદ્યાર્થીનાં સ્કુલ લિવિંગ અને શાળા રજીસ્ટરમાં હવે અટક લખવી ફરજીયાત

## ગુજરાત શિક્ષણ વિભાગનો પરિપત્ર

ગાંધીનગર: ગુજરાત શિક્ષણ બોર્ડ હેઠળની રાજ્યની તમામ શાળાઓમાં નવું શૈક્ષણિક વર્ષ ૨૦૨૫-૨૬ આજથી શરૂ થયું છે. ત્યારે રાજ્યની તમામ સરકારી પ્રાથમિક અને માધ્યમિક શાળાના વિદ્યાર્થીઓને આ વર્ષ એટલે કે જૂન ૨૦૨૫થી શાળા છોડ્યાનું પ્રમાણપત્ર (LC) આપતી વખતે હવેથી અટક પાછળ લખવી ફરજિયાત રહેશે. ગુજરાત શિક્ષણ વિભાગે આ અંગે એક પરિપત્ર પણ જાહેર કર્યો છે.



શિક્ષણ વિભાગે પરિપત્ર મુજબ, રાજયમાં શાળા બદલતી વખતે વિદ્યાર્થીઓને સ્કૂલ લિવિંગ સર્ટિફિકેટ (LC) આપવામાં આવે છે. LCમાં વિદ્યાર્થીના નામ, પિતા, માતાનું નામ, અટક, જન્મ તારીખ સહિતની મહત્ત્વની માહિતી નોંધવામાં આવે છે. જ્યારે હાલ APAAR ID અને તેના અંતર્ગત આધારકાર્ડ સાથે બાળકોના નામ મેપિંગ કરવાની કામગીરી ચાલી રહી છે, ત્યારે જૂન ૨૦૨૫થી LCમાં વિદ્યાર્થીઓનું આખું નામ લખવામાં નામના અંતે અટકનો ઉલ્લેખ કરવાને લઈને શિક્ષણ વિભાગે સૂચન કર્યું છે.

હાલમાં LCમાં વિદ્યાર્થીના નામ લખવાની પદ્ધતિમાં વિસંગતતા જોવા મળે છે, જેના કારણે વિદ્યાર્થીઓને પ્રવેશ, શિષ્યવૃત્તિ અને અન્ય શૈક્ષણિક પ્રક્રિયામાં મુશ્કેલી થાય છે. અપાર આઇ ડીની પ્રક્રિયા ચાલી રહી છે, જેના કારણે LCમાં નામની ચોકસાઈ જરૂરી છે. ગુજરાત શિક્ષણ બોર્ડે આગામી શૈક્ષણિક સત્રથી LCમાં નામ લખવાની પદ્ધતિમાં સુધારો કરવાની સૂચના આપી છે. LCમાં સંપૂર્ણ નામ, પિતા-માતાનું નામ અને અટક સ્પષ્ટ લખવાનો અનુરોધ કરવામાં આવ્યો છે અને આમાં ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ અધિનિયમ-૧૯૭૨ને ટાંકીને રાજ્યની તમામ સરકારી અને ખાનગી શાળાઓ માટે LCમાં નામ લખવાની નિયમિતતા જાળવવા માટે સૂચના આપવામાં આવી છે.

# હવે સિક્કિમમાં હનીમુન માટે ગયેલુ કપલ ગુમ! ૧૧ દિવસથી કોઈ ખબર નથી

લખનૌ : મધ્યપ્રદેશના સોનમ અને રાજા બાદ સિક્કિમમાં હનીમૂન માટે ગયેલા વધુ એક નવપરિણીત યુગલ ગુમ થઈ ગયું છે. ૧૧ દિવસથી બંનેની કોઈ ભાળ મળી નથી. પોલીસે રાજા અને સોનમના કેસમાં ઘટસ્ફોટ કરતાં ખુલાસો કર્યો છે. રાજાનો મૃતદેહ પહેલાથી જ મળી આવ્યો હતો. હવે સોનમ પણ યુપીના ગાઝીપુરમાંથી મળી આવી છે. સોનમે જ તેના પતિ રાજાની હત્યા કરાવી હોવાનું અત્યારે જાણવા મળી રહ્યું છે. તો અન્ય એક ઘટનામાં યુપીના પ્રતાપગઢ જિલ્લાના નવપરિણીત યુગલ કૌશલેન્દ્ર પ્રતાપ સિંહ અને અંકિતા સિંહનો કોઈ પત્તો નથી. પરિવારના સભ્યો કહે છે કે, ''અત્યાર સુધીમાં તેઓનો કોઈ સુરાગ મળ્યો નથી.''

લાલગંજ તાલુકા વિસ્તારના રાહતિકર ગામના રહેવાસી કૌશલેન્દ્ર અને અંકિતા હનીમૂન માટે સિક્કિમ ગયા હતા. જે વાહનમાં બંને મુસાફરી કરી રહ્યા હતા તે વાહન ૨૯ મેના રોજ અકસ્માતમાં ૧,૦૦૦ ફૂટ ઊંડી ખાઈમાં પડી ગયું. આ અકસ્માતને ૧૧ દિવસ થઈ ગયા છે, પરંતુ બંનેના હજુ સુધી કોઈ સમાચાર નથી.



## ઉતરપ્રદેશનાં પરિવાર માટે ચિંતા વધી ગઈ

આ વાહનમાં મુસાફરી કરી રહેલા બે લોકોને બચાવી લેવામાં આવ્યા છે. તેમાંથી એક જનરલ વોર્ડમાં અને બીજો આઈસીયુ વોર્ડમાં દાખલ છે. આ લોકોએ એ પણ પુષ્ટિ કરી હતી કે, કૌશલેન્દ્ર અને અંકિતા ટ્રાવેલિંગમાં તેમની સાથે હાજર હતા.

**અત્યાર સુધી કોઈ સામાન ના મળ્યા**


સર્ચ ઓપરેશનમાં રોકાયેલી ટીમને ટ્રાવેલરમાં રહેલા ઘણાં લોકોના સામાન મળ્યા છે, પરંતુ આમાંથી કોઈ સામાન કૌશલેન્દ્ર કે અંકિતાનો નથી. કૌશલેન્દ્રના પિતા શેર બહાદુર સિંહે સોશિયલ મીડિયા દ્વારા વડાપ્રધાન નરેન્દ્ર મોદી, ગૃહમંત્રી અમિત શાહ અને મુખ્યમંત્રી યોગી આદિત્યનાથને બચાવ કામગીરી ઝડપી બનાવવા અપીલ કરી છે. તેઓ કહે છે કે, ''અત્યાર સુધી જે સામાન, કપડાં, જૂતા, ઘડિયાળ, ચશ્મા, બેગ મળી આવ્યા છે તેમાંથી કોઈ પણ મારા દીકરા કે વહુનું નથી. જ્યાં સુધી હું તેમને શોધી ન લઉં ત્યાં સુધી હું સિક્કિમ છોડીશ નહીં.'' તેમણે દેશવાસીઓને દંપતીના સુરક્ષિત પાછા ફરવા માટે ભગવાનને પ્રાર્થના કરવા માટે ભાવનાત્મક અપીલ પણ કરી.

**૫ મેના થયા હતા લગ્ન**

પરિવારના સભ્યોએ જણાવ્યું હતું કે કૌશલેન્દ્ર અને અંકિતાના લગ્ન ૫ મેના રોજ થયા હતા અને બંને ૨૫ મેના રોજ હનીમૂન માટે સિક્કિમ ગયા હતા. પટ્ટીના ચિવલ્હા ગામના રહેવાસી અંકિતાના પિતા વિજય સિંહ ડબ્બુ પણ સરકાર પાસેથી આશાવાદી છે. વિજય સિંહે કહ્યું કે તેમણે ૨૯ મેના રોજ તેમની પુત્રી સાથે વાત કરી હતી અને તે ખૂબ જ ખુશ હતી, પરંતુ ત્યારથી તે ગુમ છે. જેના કારણે સમગ્ર પરિવારમાં શોકનું વાતાવરણ છે. જોકે, તેઓ તેમની પુત્રી અને જમાઈના સુરક્ષિત પાછા ફરવાની આશા રાખી રહ્યા છે.

## સુવિચાર

**સમય, સત્તા અને સંપત્તિ ભલે આપણને સાથ ન આપે પણ સ્વભાવ, સમજદારી અને સાચો સંબંધ હંમેશા સાથે રહે છે**



## આજનું ચિંતન

### સેવા-સાધના

- જેમને ઉચાઈ પર જવું હોય તેને સૂર્યનો તાપ વધુ સહન કરવો પડે છે.
- સુપાત્ર સંતાન મા-બાપની સાચી મિલ્કત ગણાય.
- સુખી થવાના ત્રણ ઉપાય છે. કોમળતા, મધુરતા અને વિવેક.
- જીવનમાં સુખી થવા માટે બે શકિતની જરૂર છે. એક સહન શકિત અને બીજી સમજ શકિત.
- આ દુનિયામાં એ જ માણસ મોટો જે બીજા માટે કંઈ કરી છૂટે.
- મોત પછી કોઈના દિલમાં જીવતા રહેવું હોય તો સત્કર્મના સહભાગી થવું.
- આજની પેઢીએ મા-બાપ, વૃધ્ધો-વડીલોની ખબર રાખવી જોઈએ, નહિ કે ખબર લઈ નાખવી જોઈએ.
- જીવન સફળતાના ત્રણ સૂત્રો : કોઈનો કદી તિરસ્કાર ના કરશો, તમારી પોતાની જવાબદારી સમજજો, ભૂતકાળનો કદી પસ્તાવો ન કરશો.
- હરિને વશ થઈ જવું એ હરિને વશ કરવાની સહેલી રીત છે.
- વિવાદોથી દૂર રહેવું એ સફળ માનવીની નિશાની છે.

# મનુષ્ય(તમારા) જીવનનું લક્ષ્ય શું છે?

**મમ્મા સાથેનો ૧૯૬૫ પહેલાનો અનુભવનો એક પ્રસંગ**

મુંબઈના ઘાટકોપરનું બ્રહ્માકુમારીઝ સેવા કેન્દ્ર સંભાળતા હતા તે નલીનીબહેનનો મમ્મા સાથેનો આ અનુભવ છે. તેઓ મમ્માને પ્રથમવાર મળવા ગયા ત્યારે મમ્માએ પુછ્યુ કે' મનુષ્ય(તમારા) જીવનનું લક્ષ્ય શું છે?' નલીનીબહેને કહ્યુ,'ખાવું, પીવું અને મૌજ કરવી.' એવામાં, તે સમયે તેઓ જે ઘરમાં બેઠા હતા ત્યાં એક ચકલીનો માળો હતો જેમાં એક નાની બાળ ચકલી હતી. જે પોતાની માઁની ખોરાક લઈને આવે તેની રાહમાં પોતાની કોમળ ચાઁચ ખોલીને બેઠુ હતુ. તેની માઁ-ચકલી બારીએથી આવીને માળામાં જાય છે અને તે બાળ ચકલીના મુખમાં ભોજન દાણાના રૂપમાં આપવા લાગે છે. જે એક સુંદર દ્રશ્ય હતુ. દુનિયામાં સર્વ સંબંધોમાં માઁ અને તેના બાળકનો સંબંધ સર્વોતમ હોય છે. મમ્માએ પણ આ જોયુ અને પછી નલીની બહેનને બોલે છે કે,' જોયું ને? એક માઁ તેના બાળકને ખવડાવી રહી છે. .... જરા વિચારો! તમારામાં અને તેમાં શું ફર્ક છે? ઈશ્વરનું વરદાન મનુષ્ય જીવનને મળેલું છે. તેમણે પણ એ જ કર્યુ કે મોટા થયા, બાળકો પેદા કર્યા, તેમની પાલના અર્થે કમાયું, ખવડાવ્યુ અને એ તો પક્ષી-પશુ પણ કરે જ છે. તો મનુષ્ય જીવનમાં આપણે પણ તે જ કરીએ તો પશુ-પક્ષીથી મનુષ્ય વચ્ચેનો કોઈ ભેદ રહી જતો નથી. વિચારો-મનુષ્ય કે જે ઉત્તમ પ્રાણી કેમ છે? મનુષ્ય જીવનની શ્રેષ્ઠતા શું છે? મનુષ્ય જીવનનું મહત્વ શું છે?'

**મૂલ્યોની મહેક**

■ બ્રહ્માકુમારી ભારતીદીદી ■

આમ પછી મમ્માએ મનુષ્ય જીવનનું લક્ષ્ય માત્ર ખાવું, પીવું અને મોજ કરવી નથી પરંતુ શું હોવું જોઈએ, મનુષ્ય જીવન હીરેતૂલ્ય(ઉત્તમ) શા માટે છે અને દેવતા સમાન દિવ્ય, શ્રેષ્ઠ અને આદર્શ કેવી રીતે બનાવી શકાય તે બતાવ્યુ. આમ નલીની બહેન બતાવે છે કે મમ્માની વાતોપી અજ્ઞાનતાની ઉંઘ ઉડી અને એવી શક્તિઓ મળી કે જેનાથી જીવનને સાચી દિશા મળી છે. આમ રાજયોગના જ્ઞાનથી આત્માને ઉડવાની પાંખો મળે છે. પોતાના જીવનનું સાચું દર્પણ મળે છે. સ્વયંમાં કઈ વિશેષતાઓ છે કે જેને કાર્યમાં લગાડી જીવનને સફળ બનાવી શકાય છે. અને એવી ખામીઓ કે કમજોરીઓ કે જે જીવનને ઉંચાઈ સુધી લઈ જવામાં વિઘ્નરૂપ બને છે એવા સ્વભાવ, સંસ્કારોને કેવી રીતે ઓળખી સ્વયંમાંથી દૂર કરી શકાય છે. તે રાજયોગની વિધિ દ્વારા સમજાય છે. દિશાહીન ભટક્તા યુવા ધનને સાચી દિશા પ્રાપ્ત થાય છે.

**માતેશ્વરીજીના વિશેષ ગુણ અને શક્તિઓ:**

**સાક્ષી તેમજ ઉપરામતાનો ગુણ દ્વારા સદા સમેટવાની શક્તિ સંપન્ન**

સદા સાક્ષી દ્રષ્ટા બનીને સ્વયંનો અને અન્ય આત્માઓનો પાર્ટ જોતા, બધુ જાણતા, જોવા છતાં સદા ઉપરામ રહેતા જેને કારણે તેમનામાં સમેટવાની શક્તિ આવતી ગઈ. કોઈનો તેમના કર્મોનો, જીવનનો હિસાબ-કિતાબ કે પાર્ટ જોઈને શા માટે એવું, કેમ, કેવી રીતે એવા પ્રશ્નોમાં ન ગયા કે ન તેમના વિસ્તારમાં ગયા. તેઓએ વ્યર્થ(ફાલતુ), નેગેટિવ સંકલ્પોને પણ સમેટી લીધા, જેથી સદા હર્ષિતમુખ રહ્યા. મમ્માના ચહેરા પર ક્યારે ઉદાસી, દુ:ખની લહેર ન આવી. એ જ રીતે આપણે પણ સ્વયંના જીવનમાં સૌ સાથે રહીને ઉપરામ, ન્યારા બની, સમેટવાની શક્તિને ધારણ કરીશું?

## આવતીકાલનું પંચાંગ

વિક્રમ સંવત-૨૦૮૧ : વીર સંવત- ૨૫૫૧, શાલિવાહન સંવત-૧૯૪૬
જેઠ સુદ-૧૫, તા.૧૧/૬/૨૫, બુધવાર

સૂર્યોદય : ૬-૦૪, સૂર્યાસ્ત : ૭-૨૮, જૈન નવકારશી : ૬.૫૨
રાશિ : વૃશ્ચિક (ન.ય.), ૨૦.૧૦થી ધન (ધ, ફ, ભ. ઢ)

**ગૌચરના ગ્રહો**

સૂર્ય-વૃષભ, મંગળ-સિંહ, રાહુ-કુંભ, કેતુ-સિંહ, બુધ-મિથુન, ગુરૂ-મિથુન, હર્ષલ-વૃષભ, પ્લુટો-મકર, શુક્ર-મેષ, શનિ-મીન, નેપ્ચ્યુન-મીન, ચંદ્ર-વૃશ્ચિક

**શુભ ચોઘડીયા :** ચલ, શુભ, લાભ, અમૃત
**અશુભ ચોઘડીયા :** રોગ, કાળ, ઉદ્વેગ

## રાશીફળ

**મેષ :** સામાજિક સ્તરે તમોને ન ધારેલો લાભ મળે, પ્રતિષ્ઠા વધે, નોકરી વ્યવસાયમાં અનુકુળતાઓ રહેવાની.
**વૃષભ :** સગાઈ લગ્નના કાર્યોમાં અનુકુળતાઓ વધવાની, નવી ઓળખાણ લાભદાયક રહે, નોકરીમાં પ્રમોશનના ચાન્સ.
**મિથુન :** દિવસ દરમ્યાન નવી જવાબદારીઓ લેવી પડે, મિત્રોથી લાભ, પરિવારમાં ઉત્સાહનું વાતાવરણ ઉભુ થવાનું.
**કર્ક :** આવક કરતા ખર્ચ ન વધે તેનું ધ્યાન રાખજો, કર્જ કરીને કોઈ સાહસ ન કરવું વિદેશથી સારો લાભ રહે.
**સિંહ :** વધુ પડતા કાર્યભારને લઈને સ્વાસ્થ્ય ન બગડે તેનું ધ્યાન રાખજો, સીઝનલ ધંધાથી લાભ, પ્રવાસ થાય.
**કન્યા :** પસંદગીના પાત્રની મુલાકાત લાભદાયક રહેવાની, મિલ્કતના પ્રશ્નોમાં લાભ, પિતાશ્રીનો સહકાર રહે.
**તુલા :** દામ્પત્ય જીવનમાં ગેરસમજો ટાળજો, તબીયત બાબત કાળજી લેવી જરૂરી, વિદેશ જવાની સારી તક મળે.
**વૃશ્ચિક :** નવી જવાબદારી લેવાથી દુર રહેજો, ઉતાવળ ન કરવી, નોકરીમાં સ્થિરતા રાખવી, મિત્રોથી સહકાર રહેવાનો.
**ધન :** મહેતનનું ફળ મળવાનુ છે, ભાગ્યોદયની તક માટે સારો સમય, સીઝનલ ધંધાથી લાભ રહેવાનો.
**મકર :** કોઈ ન ધારેલી વ્યકિતનો સહકાર મળવાનો, પ્રવાસની ઈચ્છા ફળે, નકારાત્મક વિચારોથી દુર રહેજો.
**કુંભ :** અપરિણતોને સગાઈ લગ્નની ઈચ્છા ફળવાની, નોકરીમાં લાભ, કર્જ કરવાથી દુર રહેજો.
**મીન :** આવક વધારવાના પ્રયત્નો ફળવાના છે, નવા ઓર્ડરો મેળવવામાં સફળતા મળે, ઉધારી ન કરવી.

## મનોરંજન સાથે જ્ઞાન વિસ્તાર કરતી આઈક્યૂ ટેસ્ટ જેવી શબ્દ રમત



■ માધવી નરેશ શાહ

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | | | ૨ | | ૩ | ■ | ૪ | ૫ | ■ |
| | ■ | ■ | | ■ | | ■ | ૬ | | ૭ |
| ૮ | ૯ | ૧૦ | | ■ | | ■ | ■ | ૧૧ | |
| ૧૨ | | | ■ | ૧૩ | | ૧૪ | | | ■ |
| ૧૫ | | ■ | ૧૬ | | ■ | | ■ | ■ | ૧૭ |
| ■ | ■ | ૧૮ | | ■ | ૧૯ | | ૨૦ | | |
| ૨૧ | | ■ | ૨૨ | ૨૩ | | ■ | | ■ | |
| | ■ | ૨૪ | | | ■ | ૨૫ | | | |
| | ■ | ૨૬ | | ■ | ૨૭ | | | ■ | ■ |
| ૨૮ | | | ■ | ૨૯ | | ■ | ૩૦ | | |

**આડી ચાવી**

૧. અમર્યાદિત અંગ્રેજી (૬)
૪. સંજય દત્તનું હુલામણું નામ (૨)
૬. ચાઇલ્ડ ગુજરાતી (૩)
૮. રણુજા ના રાજા (૪)
૧૧. ક્ષણ હિન્દી (૨)
૧૨. સોનીઓની એક અટક (૩)
૧૩. યુધ્ધભૂમિ (૫)
૧૫. જયુસ (૨)
૧૬. બેલ્ટ (૨)
૧૮. ...ના ...હમ, મહેકા કરેંગે (૨)
૧૯. સોરઠનું એક ગામ (૫)
૨૧. તલ્લિન (૨)
૨૨. એક પુરૂષનું નામ (૩)
૨૪. ઉત્તેજના (૩)
૨૫. યે ... ગલત બાત હૈ (૪)
૨૬. ચાર વત્તા બે વત્તા ચાર (૨)
૨૭. નેચર (૩)
૨૮. સૈન્ય (૩)
૨૯. એક બીનગુજરાતી અટક (૨)
૩૦. નાક વગરનો (૩)

**ઉભી ચાવી**

૧. સાંબેલાધાર જેવો વરસાદ માટેનો શબ્દ (૫)
૨. અરીસો અંગ્રેજી (૩)
૩. ...ડિગા ડિગા, મૌસમ ભીગા ભીગા (૪)
૪. આડી ચાવી નં. ૪ મુજબ (૨)
૫. ચાઇલ્ડહુડ (૪)
૭. ફિલ્મ ... હો ના હો (૨)
૯. ઇન્સાન (૩)
૧૦. ...અવર, ... અપ વાન (૨)
૧૩. સટ્ટાબજારમાં રમાય (૨)
૧૪. ધનુષની સુપરહિટ ફિલ્મ (૩)
૧૬. વેશભુષા (૫)
૧૭. કભી ... કભી ... (૨, ૨)
૧૯. ડોશીમા (૨)
૨૦. મારૂ ... છે રૂડુ, વૈકુંઠ નહીં રે આવું (૫)
૨૧. મુદ્દત (૪)
૨૩. લાગ..., ...દાર (૨)
૨૪. પૂજયભાવ સાથેનો સ્નેહ (૩)
૨૫. જાહેર ... (૨)
૨૭. જન્નત (૨)

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| વિ | પ્લ | વ | ■ | સ | લા | મ | ન | મ | સ્તે |
| ■ | સ | જ | ન | ■ | ■ | હી | ■ | નો | ■ |
| ઈ | મા | ન | ■ | શ્વા | ■ | ત | ર | હ | ■ |
| મા | ઈ | ■ | બ | ન | ફુ | લ | ■ | ર | જા |
| ર | ન | ર | ■ | ■ | ર | ■ | કા | ■ | ખ |
| ત | સ | વી | ર | ■ | સ | ર | પ | દ | ડ |
| ■ | ■ | વા | ત | ચી | ત | ■ | ડ | ડ | ■ |
| ■ | કા | ર | ન | ■ | ■ | ■ | બ | મ | ■ |
| જા | ગ | ■ | પ | લો | શ | ■ | જા | જ | મ |
| દુ | ■ | પ | ર | ત | ■ | કો | ર | લ | ■ |

# સાંજ સમાચાર




## દેશ - વિદેશના સચોટ સમાચાર ઝડપથી વાંચવા માટે આજે જ ડાઉનલોડ કરો સાંજ સમાચાર મોબાઈલ એપ

GET IT ON Google Play

Download on the App Store

( એપ ડાઉનલોડ કરવા માટે ગુગલ પ્લે સ્ટોર અથવા એપલ એપ સ્ટોરના આઇકોન પર ક્લિક કરો )




( સોશિયલ મીડિયા પર 'સાંજ સમાચાર' ફોલો કરવા આઇકોન પર ક્લિક કરો )

96622 96699

( વોટસએપ પર સમાચાર વાંચવા માટે ઉપર આપેલ નંબર પર અત્યારે જ "Hi" મેસેજ કરો )

### રાજયના પોલીસવડાની નિવૃતિ કે એકસટેન્શનની ચર્ચા વચ્ચે એક પ્રકરણે ખળભળાટ મચાવ્યો

# ચાર ટોપ-કોપનો કલાસ લેતા હર્ષ સંઘવી: ગ્રુપીસમ સામે તાકીદ



### કચ્છના પ્રકરણના પડઘા ગાંધીનગરમાં: સ્ટેટ મોનેટરીંગ સેલ દ્વારા પોલીસની જ ઈકોનોમીક ઓફેન્ડર વિંગમાં પડાયેલા દરોડા પછી મામલો વધુ ગરમ બન્યો: એક પોલીસ અધિકારીની વચેટીયાની ભૂમિકા પણ ખુલી



ડાબેથી જમણી તરફ વિકાસ સહાય, રાજકુમાર પાંડીયન, અજય ચૌધરી અને

### લંડનથી પરત આવતા તુર્તજ ગૃહરાજયમંત્રી હર્ષ સંઘવી ડીજીપી વિકાસ સહાયની હાજરીમાં સ્ટેટ મોનેટરીંગ સેલના ડીઆઈજી નિર્લિપ્ત રાય લો એન્ડ ઓર્ડરના એડી.ડીજીની રાજકુમાર પાંડીયન અને ઈન્ચાર્જ ડીજીપી અજય ચૌધરી સાથે બેઠક કરી

રાજકોટ તા.૧૦

ગુજરાતમાં ચાલુ માસમાં જ રાજયના પોલીસવડા વિકાસ સહાય નિવૃત થઈ રહ્યા છે અને તેમને એકસટેન્શન મળશે કે પછી નવા સીનીયર પોલીસ અધિકારીને ડીજીપી તરીકે પસંદ કરાશે તે ચર્ચા વચ્ચે રાજયમાં પોલીસના બે મહત્વના વિભાગો ટેક મોનેટરીંગ સેલ અને ઈકોનોમીક ઓફેન્ડર વિંગ વચ્ચેની ટકકર અને તેમાં સીનીયર આઈપીએસ અધિકારીઓ જે રીતે ટકરાયા તે મુજબ ગઈકાલે રાજયના ગૃહ રાજયમંત્રી હર્ષ સંઘવીએ ચાર ટોચના પોલીસ અધિકારીઓના કલાસ લઈને તેમને આ પ્રકારના વિવાદમાં ન પડવા તાકીદ કરી છે. ગુજરાત પોલીસમાં લાંબા સમયથી જે ચર્ચામાં હતી તે ઘટનામાં હવે અચાનક જ ઉફાણો આવતા હર્ષ સંઘવીને લંડનથી પરત આવતા તુર્તજ દરમ્યાનગીરી કરવી પડી હતી. આ વિવાદ કયારે શરુ થયો કે જયારે ટેક મોનેટરીંગ સેલ દ્વારા એક આશ્ચર્યજનક પગલામાં પોલીસની ઈકાનોમીક ઓફેન્ડર વિંગની ઓફીસમાં જ દરોડો પાડવામાં આવ્યો. આ અંગે એક નોંધવામાં આવેલી અથવા તો નોંધવાની ફરજ પડી હતી તેવી ફરિયાદના આધારે એકશન લેવાયા હતા. રાજયમાં પોતાના કામમાં નામના મેળવનાર સ્ટેટ મોનેટરીંગ સેલના વડા નિર્લિપ્ત રાય કે જેઓ સીધા ડીજીપી વિકાસ સહાયને જ રિપોર્ટીંગ કરે છે તેના દ્વારા આ કાર્યવાહી કરવામાં આવી હતી અને તેની સામે ઈકોનોમીક ઓફેન્ડર વિંગમાં જબરો આક્રોશ સર્જાયો હતો. આ અંગે છેલ્લા કેટલાક દિવસથી અખબારી અહેવાલોની પણ જબરી ચર્ચા હતી તે વચ્ચે ગૃહ રાજયમંત્રી હર્ષ સંઘવી કે જેઓ વિદેશમાં હતા તેઓ પરત આવીને તુર્તજ ડીજીપી વિકાસ સહાય સ્ટેટ મોનેટરીંગ સેલના વડા અને ડીઆઈજી નિર્લિપ્ત રાય લો અને ઓર્ડર સંભાળતા એડીશ્નલ ડીજીપી રાજકુમાર પાંડીયન તથા ઈન્ચાર્જ એડી.ડીજીપી અજય ચૌધરીની બેઠક બોલાવી હતી.

સમગ્ર ઘટનામાં કચ્છ સ્થિત એક કેમીકલ બીઝનેસમેનની ફરિયાદ રહેલી છે. એડી. ડીજીપી અજય ચૌધરીએ તેના પરથી એફઆઈઆર નોંધવા આદેશ આપ્યો હતો અને તેના કારણે પોલીસ બેડામાં જબરો ખળભળાટ મચી ગયો હતો જેમાં એસપી રેન્કના એક આઈપીએસ અધિકારી કે જેઓ હાલ સાઈડ લાઈન પોસ્ટીંગમાં છે જેઓએ ફરિયાદમાં વચેટીયાની ભૂમિકા ભજવી હતી. આ એસપી ભૂતકાળમાં ઉતરગુજરાતના એક જીલ્લામાં પણ વિવાદમાં સપડાયા હતા. પરંતુ બાદમાં તેમને કલીનચીટ મળી હતી. માનવામાં આવે છે કે તેમના સંબંધો અને છેક ઉતરપ્રદેશ સુધીની પોલીટીકલ લીન્કના આધારે કલીનચીટ મળી હતી. આ જ અધિકારીએ હવે ઉતરપ્રદેશ કેડરમાં જવા માટે કેડર ટ્રાન્સફરની અરજી કરી છે. પરંતુ હવે આ સમગ્ર પ્રકરણમાં તેની ભૂમિકાના કારણે તેમની અરજી મંજુર રખાશે કે કેમ તે પ્રશ્ન છે.

પરંતુ આ પ્રકરણે ગુજરાત પોલીસમાં જે ફોલ્ટલાઈન અથવા તો જે જૂથવાદ છે તેને સપાટી પર લાવી દીધો છે અને ગૃહ રાજયમંત્રીની ચિંતા પણ તે જ હતી. જેમાં હવે આગળ કઈ રીતે કાર્યવાહી થાય છે તેના પર સૌની નજર છે.

## સ્ટેટ મોનેટરીંગ સેલ તથા સીઆઈડી ક્રાઈમ વચ્ચેની ટકકરમાં એક પેનડ્રાઈવ જવાબદાર

### સ્ટેટ મોનેટરીંગ સેલના બે જુનીયર અધિકારીઓએ સીનીયર ડીઆઈજી રેન્કના અધિકારીની ઓફિસમાં જઈને પેનડ્રાઈવ અંગે માહિતી માંગી હતી



રાજકોટ તા.૧૦

ગુજરાત પોલીસમાં જે વિવાદ સર્જાયો છે તેના મૂળમાં એક પેનડ્રાઈવ હોવાનું માનવામાં આવે છે અને સૂત્રોના જણાવ્યા મુજબ જુનીયર કક્ષાના બે અધિકારીઓએ સીઆઈડી ક્રાઈમના વડા પરિક્ષીતા રાઠોડ કે જેઓ ડીઆઈજી રેન્ક ધરાવે છે તેમની ઓફિસમાં જઈને પેન્ડીંગ અરજી અંગે પુછપરછ કરી હતી અને તેની સાથે ગાંધીનગરના એક પ્રોજેકટ સાથે સંકળાયેલી પેનડ્રાઈવ માંગી હતી. આ પેનડ્રાઈવ સીઆઈડીની કસ્ટડીમાં લાંબા સમયથી છે અને તેથી જ ડીઆઈજી પરિક્ષીતા રાઠોડે પોતે આ પેનડ્રાઈવ અંગે કંઈ જાણતા હોવાનો ઈન્કાર કર્યો હતો. પરંતુ માનવામાં આવે છે કે આ પેનડ્રાઈવ કેટલાક અધિકારીઓ માટે અત્યંત મહત્વની છે. આ સમગ્ર મામલો વડોદરા સ્થિત એક બીઝનેસમેનની ફરિયાદ કે જેમાં વિદેશી કંપનીને સાંકળતા રૂા.૧૫ કરોડના ફ્રોડ બાબતે છે અને જુનીયર અધિકારીઓ દ્વારા ડીઆઈજી રેન્કના અધિકારીની ઓફીસમાં જઈ પુછપરછ કરવી તે મુદો પણ ચગ્યો છે.

## બધાં એપલ ગેજેટ્સનો ઈન્ટરફેસ સમાન દેખાશે

### એઆઈ કોઈ અજાણ્યાં કોલરનો ફોન ઉપાડશે, પછી તેની ઓળખ જાહેર કરશે

નવી દિલ્હી,તા.૧૦

એપલે સોમવારે કેલિફોર્નિયામાં યોજાયેલી તેની વર્લ્ડવાઇડ ડેવલપર કોન્ફરન્સ ૨૦૨૫ માં આઇઓએસ ૨૬ નું અનાવરણ કર્યું હતું. આઇઓએસ ૨૬માં એપલે પોતાનાં તમામ પ્લેટફોર્મ પર યુનિવર્સલ ડિઝાઇન લાવી છે. તેને લિક્વિડ ગ્લાસ ડિઝાઇન નામ આપવામાં આવ્યું છે. આમાં આઇફોન, આઇમેક, એપલ વોચ સહિત તમામ એપલ ગેજેટ્સનું ઇન્ટરફેસ એક જ હશે. એપલે પોતાની એપ્સમાં વિઝ્યુઅલ ઇન્ટેલિજન્સ સહિત ઘણાં નવાં ફીચર્સ એડ કર્યા છે.



એપલે કોલ સ્ક્રિનિંગ ફીચર લોન્ચ કર્યું છે. એવામાં અંઈ તમારા માટે કોલ ચેક કરશે કે ફોન કોઇ જાણીતી વ્યક્તિનો છે કે કોઇ અજાણ્યા વ્યક્તિનો. જ્યારે કોઈ અજાણ્યા નંબર પરથી કોલ કરશે તો આઈફોન પોતે જ ફોન ઉપાડશે અને ફોન કરનાર તેનું નામ લેશે અને તેને ફોન કરવાનું કારણ પૂછશે. પછી તમારી સ્ક્રીન પર એક મેસેજ આવશે, જેમાં કહેવામાં આવશે કે તે વ્યક્તિ કેમ ફોન કરે છે, તેથી તમે નક્કી કરી શકો છો કે ફોન ઉપાડવો કે નહીં. કંપનીએ હોલ્ડ આસિસ્ટ ફીચર પણ રજૂ કર્યું છે. આ મદદથી, હોલ્ડ ના સમયે, એઆઈ તમારા ફોન પર ફ્રન્ટ જવાબ આપવા માટે રાહ જોશે.

**સંદેશા એપ્લિકેશન હવે વધુ સ્માર્ટ છે :-**

ટાઇપિંગ ઈન્ડિકેટર્સ હવે ગ્રુપ ચેટમાં પણ દેખાશે એટલે કે હવે કોણ શું ટાઈપ કરી રહ્યું છે તે સૌ કોઈ જોઈ શકશે. ઉપરાંત, સ્પામ ડિટેક્શનની પણ સુવિધા મળશે. સ્પામ ટેક્સ્ટને શોધવા માટે વપરાશકર્તાઓને હવે સંદેશમાં ઓન ડિવાઇસ સ્પામ ડિટેક્શન સુવિધા મળશે. અજાણ્યાં નંબરોથી આવતાં સંદેશાઓ જ્યાં સુધી વપરાશકર્તા તેમને મંજૂરી ન આપે ત્યાં સુધી છુપાયેલા રહેશે.

**એપલ વોચ લોકેશન જોઈને દિશા સૂચવશે :-**

એપલ વોચ વપરાશકર્તાઓને તેમના સ્થાનના આધારે સૂચનો આપશે. જેમ કે, જો કોઇ એપલ વોચ પહેરીને જીમમાં ગયું હોય તો તેને વર્કઆઉટને લગતાં સૂચનો મળશે. યુઝર્સ કાંડાને ફેરવીને અનિચ્છનીય સૂચનાઓને દૂર કરી શકશે.

**આ ફેરફારો પણ કરવામાં આવ્યાં :-**

એપલે કેમેરા ઇન્ટરફેસ અને ફોટોઝ એપમાં પણ ફેરફાર કર્યા છે. યૂઝર્સ કેમેરા અને વીડિયો વચ્ચે સ્વાઇપ કરી શકશે. લાઇવ ટ્રાન્સલેશન સુવિધાને એપલ ઇન્ટેલિજન્સમાં એકીકૃત કરવામાં આવી છે. તે ચેટ દરમિયાન સંદેશનું ભાષાંતર કરશે. આ તમને ફેસટાઇમ અને કોલ્સમાં લાઇવ કેપ્શન્સ મેળવવાની મંજૂરી આપશે. કોલ દરમિયાન લાઇવ ટ્રાન્સલેશનનો ઓડિયો પણ સાંભળી શકાય છે.

## આતંકવાદ સામે જંગ અને રાષ્ટ્રીય સુરક્ષા મામલે સરકારનું કામ ઉત્કૃષ્ટ રહ્યું : સર્વે

### ઓપરેશન સિંદૂર બાદ સી-વોટરના સર્વેમાં બહાર આવ્યું




નવી દિલ્હી,તા.૧૦

મોંઘવારી પર નિયંત્રણ, ભ્રષ્ટાચાર અને રોજગાર પર નિયંત્રણ જેવાં મુદ્દાઓ વચ્ચે મોદી સરકારને આતંકવાદ વિરુદ્ધ લડાઈ અને રાષ્ટ્રીય સુરક્ષા માટે ઉઠાવવામાં આવેલા પગલા પર દેશમાં સૌથી વધુ સમર્થન મળી રહ્યું છે. પાલગામ અને ત્યારબાદ ઓપરેશન સિંદૂર બાદ કરવામાં આવેલા સી-વોટર સર્વે અનુસાર અડધાથી વધુ લોકોનું માનવું છે કે સરકારે મોટું કામ કર્યું છે. તેઓ એમ પણ કહે છે કે આ સરકારના કાર્યકાળ દરમિયાન ભારત વૈશ્વિક નેતા બન્યું છે. કદમાં નોંધપાત્ર વધારો થયો છે. ૭-૯ જૂન વચ્ચે દેશભરમાં કરવામાં આવેલા એક સર્વે અનુસાર અડધાથી વધુ લોકોએ કહ્યું હતું કે, ઓપરેશન સિદુર પર મોદી સરકારનું સમર્થન કરવા બદલ શશિ થરૂરની ટીકા કરી હોવાથી કોંગ્રેસે પોતાની છબી ગુમાવી દીધી છે. ૫૯.૩ ટકા લોકોએ કહ્યું કે તેઓ ૨૦૨૯ પછી પણ મોદીને વડા પ્રધાન તરીકે જોવા માંગે છે.

### અહીં જબરદસ્ત સમર્થન મળતું નથી

આ સર્વેમાં તમામ રાજ્યો અને જિલ્લાઓને કવર કરવામાં આવ્યાં હતાં. ૧૮ વર્ષથી વધુ વયના કુલ ૨,૫૯૨ લોકોના કમ્પ્યુટર-આસિસ્ટેડ ટેલિફોન દ્વારા ઈન્ટરવ્યુ લેવામાં આવ્યાં હતાં. જ્યાં રાષ્ટ્રીય સુરક્ષા સાથે જોડાયેલા સરકારના પગલાંઓને ૫૩.૯ ટકા લોકોએ સરસ ગણાવ્યાં હતાં અને માત્ર ૨૬.૩ ટકા લોકોએ જણાવ્યું હતું કે બેરોજગારીને પહોંચી વળવા માટેના પગલાં ''ખૂબ જ અસરકારક'' હતાં, જ્યારે ૩૦.૮ ટકા લોકોએ સરકારની કામગીરીને ઉત્તમ ગણાવી હતી.

### ડિજિટલ ઈન્ડિયા અને કલમ ૩૭૦

મોદી સરકારના સૌથી પ્રભાવશાળી સુધારા અંગે પૂછવામાં આવતાં એકંદરે ૧૯.૯૧ ટકા લોકોએ ડિજિટલ ઇન્ડિયા સાથે જોડાયેલી પહેલને પ્રાધાન્ય આપ્યું હતું. વિપક્ષના સમર્થકોમાં તેને ૨૪ ટકા લોકોએ પસંદ કર્યું હતું. એનડીએના સમર્થકોમાં સૌથી વધુ ટકાવારી (૨૪.૬ ટકા)એ જણાવ્યું હતું કે ૩૭૦ હટાવવાની પ્રક્રિયા અસરકારક છે.

### ગુજરાતમાં સીનીયર સીટીઝનો માટે ખાસ સુવિધા ઉભી કરાશે

## આવાસ-આરોગ્ય અને સન્માન: દેશમાં સીનીયર સીટીઝન માટે મોડેલ બનશે ગુજરાત

### રાજય સરકાર ખાસ પોલીસી લાવવાની તૈયારીમાં: સીનીયર સીટીઝનો માટે સુરક્ષાયુક્ત આવાસ અને આરોગ્ય ફેસેલીટી આપનાર બિલ્ડરોને ખાસ એફએસઆઈ મળશે



રાજકોટ તા.૧૦

ગુજરાતમાં સીનીયર સીટીઝન માટે હવે સારા દિવસો આવે તેવા સંકેત છે. ગુજરાત દેશનું એવુ પ્રથમ રાજય બનવા જઈ રહ્યું છે જે સીનીયર સીટીઝનો એટલે કે વૃદ્ધો માટે વધુ સારી આવાસ અને આરોગ્ય સુવિધા તેમજ આ વિશાળ વર્ગ પુરતા સ્વમાન સાથે પોતાની આયુ પુરી કરી શકે તે માટે ખાસ પોલીસી લાવવા તૈયારી છે. હાલ સીનીયર સીટીઝનો માટે અલગ અલગ સંસ્થાઓ દ્વારા વૃદ્ધાશ્રમ ચલાવાય છે. પરંતુ તેનાથી સીનીયર સીટીઝનો અલગ થલગ પડી જાય છે તેના બદલે તેઓ સમાજની વચ્ચે રહીને જ પોતે વધુ સારી આવાસ અને આરોગ્ય વ્યવસ્થા સાથે રહી શકે તે માટેનો પાઈલોટ પ્રોજેકટ તૈયાર થઈ રહ્યો છે તેમાં હાઉસીંગ ઈન્ફ્રાસ્ટ્રકચરમાં પણ સીનીયર સીટીઝનોને સાનુકુળ સુવિધા હશે અને રહેણાંક સુવિધા સાથે આરોગ્ય સુવિધા પણ મળી રહે તે જોવાશે. રાજયના મોટા શહેરોમાં આ માટે તબકકાવાર આયોજનો થશે. ખાસ કરીને બિલ્ડર્સ અને ડેવલપરને જેઓ સીનીયર સીટીઝનો માટે ખાસ સરકાર નિર્ધારિત સુવિધા ઉભી કરે તો તેમને વધુ ફલોર સ્પેસ ઈન્ડેકસ (એફએસઆઈ) આપવાની પણ સરકારની યોજનાઓ છે. આ ઉપરાંત આરોગ્ય માટે નિયમીત ચેકઅપ અને સ્થળ પર જ ફાર્મસી સેવાઓ તેમજ જરૂર પડે તો સીનીયર સીટીઝનને તેઓ જયાં રહેતા હોય ત્યાં આ પ્રકારની સુવિધા મળે તે જોવાશે.

ગુજરાત એ આ બાબતમાં એક રોલમોડેલ બનવા માંગે છે. હાલના જ એક અભ્યાસ મુજબ વધતી જતી આયુ મર્યાદાના કારણે દેશમાં વૃદ્ધોની સંખ્યા વધી રહી છે પરંતુ તેમના માટે યોગ્ય સુવિધાઓ ઉપલબ્ધ નથી.

## ગોલ્ડ-સિલ્વર લોન સાથે જોડાયેલા ૮ નિયમોમાં ફેરફાર : નવા નિયમો ૧ એપ્રિલ ૨૦૨૬થી લાગુ

### આરબીઆઈએ જાહેર કરી ગાઈડલાઈન્સ : ગ્રાહકોને વધુ લોન મળી શકશે



મુંબઈ ,તા.૧૦

રિઝર્વ બેન્ક ઓફ ઈન્ડિયા (આરબીઆઈ)એ ગયા અઠવાડિયે ગોલ્ડ લોન સાથે જોડાયેલા આઠ નિયમોમાં ફેરફાર કર્યા હતા, જેમાં એલટીવી રેશિયો વધારવાનો પણ સમાવેશ થાય છે. નવા નિયમોનો હેતુ એ છે કે લોકોને સરળતાથી લોન મળે અને બેંક એનબીએફસી પારદર્શક રીતે કામ કરે. સુધારેલા નિયમો તમામ વ્યાપારી બેંકો, એનબીએફસી, સહકારી બેંકો અને હાઉસિંગ ફાઇનાન્સ કંપનીઓ પર લાગું થશે. તેનાથી ગોલ્ડ લોનમાં પેપરવર્ક ઓછું થશે અને જો લોન ભરપાઈ થશે તો સોનું પણ ઝડપથી પરત આવી જશે. આ નવા નિયમો ૧ એપ્રિલ ૨૦૨૬થી લાગુ થશે. જૂના નિયમો પહેલાં લીધેલી લોન પર માન્ય રહેશે.

**ગોલ્ડ લોનના આ નિયમોમાં ફેરફાર**

**LTV ગુણોત્તર**

આરબીઆઈએ ૨.૫૦ લાખ રૂપિયાથી ઓછી હોમ લોન માટે એલટીવી રેશિયો ૭૫ ટકાથી વધારીને ૮૫ ટકા કર્યો છે. આ સાથે ગ્રાહકો સોનાની કિંમતના ૮૫ ટકા સુધીની લોન લઈ શકે છે.

**ક્રેડિટ ચેક**

નવા નિયમો મુજબ અઢી લાખ રૂપિયા સુધીની લોન માટે કોઈ આવકનો પુરાવો માગવામાં નહીં આવે અને ક્રેડિટ સ્કોરની તપાસ કરવામાં નહીં આવે. ઓછી આવક ધરાવતાં લોકો સરળતાથી લોન મેળવી શકશે.

**બુલેટની પુન:ચુકવણી**

જે ગ્રાહકો બુલેટ રિપેમેન્ટ લોન લે છે તેમના માટે તેને ચૂકવવાની સમય મર્યાદા નક્કી કરવામાં આવી છે. બુલેટ રિપેમેન્ટ લોનમાં, સંપૂર્ણ મુદ્દલ અને વ્યાજ એક સાથે અંતે ચૂકવવાનું હોય છે. ૧૨ મહિનામાં ચૂકવણી કરવી ફરજિયાત રહેશે.

**સોના-ચાંદી ગીરવે મૂકવાની મર્યાદા**

| પદાર્થ | મહત્તમ મર્યાદા |
|---|---|
| સોનાના દાગીના | ૧ કિ.ગ્રા. |
| સોનાના સિક્કા | ૫૦ ગ્રામ |
| ચાંદીના દાગીના | ૧૦ કિ.ગ્રા. |
| ચાંદીના સિક્કા | ૫૦૦ ગ્રામ |

**વળતર**

લોન બંધ કર્યા બાદ તે જ દિવસે કે વધુમાં વધુ ૭ કામકાજના દિવસોમાં સોનું કે ચાંદી પરત આપવું જરૂરી બનશે. જો મોડું થશે તો બેંકે ગ્રાહકને રોજનું વળતર આપવું પડશે.

**ચોરીના કિસ્સામાં**

જો બેંકની ખામીને કારણે ગીરવે મૂકેલું સોનું કે ચાંદી ખોવાઈ જાય કે નુકસાન થાય તો ગ્રાહકને સંપૂર્ણ વળતર આપવામાં આવશે.

**હરાજી સાથે સંબંધિત**

જો ગ્રાહક લોન ચૂકવવામાં અસમર્થ છે અને બેંક સોનાની હરાજી કરે છે, તો હરાજી પહેલાં નોટિસ આપવી પડશે. રિઝર્વ પ્રાઇસ બજાર કિંમતના ૯૦ ટકાથી ઓછી નહીં હોય. બેંક ૭ દિવસમાં બાકીની રકમ ગ્રાહકને પરત કરી દેશે.

**સાદી ભાષા**

લોનની શરતો અને વેલ્યુએશનની માહિતી ગ્રાહકની સ્થાનિક ભાષામાં આપવામાં આવશે. જો કલાયન્ટને વાંચતા-લખતા આવડતું ન હોય તો તેની માહિતી સાક્ષીની હાજરીમાં આપવામાં આવશે.

**આના પર લોન ઉપલબ્ધ નહીં થાય**

આરબીઆઈએ નવી સંશોધિત માર્ગદર્શિકામાં સ્પષ્ટ કર્યું છે કે ગ્રાહકોને ગોલ્ડ બુલિયન, ગોલ્ડ બાર, ગોલ્ડ મ્યુચ્યુઅલ ફંડ હોલ્ડિંગ્સ અને ગોલ્ડ-સિલ્વર ઇટીએફ પર લોન નહીં મળે. ગ્રાહકોને સોનાના દાગીના અને સિક્કા પર જ લોન મળશે.

### મુસ્કાન રસ્તોગીથી પ્રગતિ શર્મા અને હવે સોનમ ગુપ્તા

## શા માટે નવ પરિણીત દુલ્હન ખુની ખેલ ખેલે છે



### માનસશાસ્ત્રીઓ કહે છેકે સ્ત્રીઓ સામાન્ય રીતે હિંસક બનતી નથી પરંતુ કોઈ વખત માનસીક બિમારી તો અનેક વખત સબંધોનાં આટાપાટામાં અટવાઈ જાય છે

ઝડપથી બદલાતા ઘટનાક્રમમાં સોનમ ગુપ્તા પર તેના પતિ રાજા રઘુવંશીની હત્યાનો આરોપ મૂકવામાં આવ્યો છે. આ પહેલા મુસ્કાન રસ્તોગીએ તેના પતિની ક્રૂરતાથી હત્યા કરી હતી અને તેના શરીરને સિમેન્ટથી ડ્રમમાં પેક કર્યું હતું. આના થોડા મહિના પહેલા પ્રગતિએ તેના લગ્નના માત્ર ૧૪ દિવસમાં જ તેના પતિની હત્યા કરી દીધી હતી. આવી ઘણી ઘટનાઓ છે જેમાં નવપરિણીત દુલ્હનો ખૂની બની ગઈ છે. પહેલા તમે પુરુષો દ્વારા તેની પત્નીઓની હત્યા કરવાના કિસ્સાઓ વધુ સાંભળ્યા હશે, પરંતુ હવે છોકરીઓ પણ આમાં ઓછી નથી. આ વધતી મનોવૃતિ પાછળનું કારણ શું છે? શું આ માટે કોઈ માનસિક બીમારી છે? તમામ પશ્ન અંગે મનોવિજ્ઞાન ડોક્ટરે જણાવ્યું છે.

### ભાવનાત્મક આવેગ વધુ જવાબદાર છે

ડોક્ટરે જણાવ્યું કે જીવનસાથીઓ વચ્ચે ઘનિષ્ઠ જીવનસાથી હિંસા કોઈ નવી વાત નથી. આવું બનતું રહ્યું છે પરંતુ આ કિસ્સામાં આ ક્રિયા ઘણીવાર પતિ દ્વારા કરવામાં આવે છે. સ્ત્રીઓ આવી ક્રિયા ટાળે છે. જ્યારે આપણે કહીએ છીએ કે કોઈ પુરુષ તેના જીવનસાથીની હિંસક રીતે હત્યા કરે છે, ત્યારે તેને ગુનાહિત પ્રવૃત્તિનો માનવામાં આવે છે. સામાન્ય રીતે પુરુષોમાં આ પાછળનું કારણ અસામાજિક વ્યક્તિત્વ વિકાર હોય છે. આમાં તે બીજાઓને દુ:ખ પહોંચાડવામાં ખૂબ સારું અનુભવે છે. તે બીજાના દુ:ખનો આનંદ માણે છે. આવી ઘટનામાં ગુનેગારની હિંસક પ્રવૃતિ પહેલાથી જ હાજર હોય છે, પરંતુ જો કોઈ સ્ત્રી આવું કામ કરે છે, તો તે જરૂરી નથી કે તેનામાં પહેલાથી જ હિંસક પ્રવૃતિની ખામી હોય અથવા તે ગુનેગાર હોય. આમાં ભાવનાત્મક આવેગ હિંસક પ્રવૃતિ કરતાં વધુ કામ કરે છે.

### ત્રીજા વ્યક્તિને સહન કરવાની ક્ષમતા નથી

ડોક્ટરે કહ્યું કે જો કોઈ નવપરિણીત દુલ્હન ખૂની બને છે, તો તે સમયે તેની માનસિક સ્થિતિ શું હતી. તેને આવું કેમ કરવું પડ્યું તે સંપૂર્ણ તપાસ પછી જ ખબર પડશે. પરંતુ સામાન્ય રીતે આવા કિસ્સાઓમાં કારણ વધુ ભાવનાત્મક હોય છે. કારણ કે જ્યારે સ્ત્રીઓ પોતાના જીવનસાથીને મારી નાખે છે, ત્યારે તે એકમાત્ર ગુનેગાર નથી હોતા, પરંતુ તે ચોક્કસપણે કોઈનો ટેકો લે છે. આવા કિસ્સાઓમાં સ્ત્રીઓ ખૂબ જ ભાવનાત્મક બની જાય છે. આનું કારણ એ છે કે જે પુરુષ સાથે સ્ત્રી પહેલેથી જ ભાવનાત્મક રીતે જોડાયેલી હોય છે તે ખૂબ જ ઊંડી હોય છે. તેની માનસિક સ્થિતિ આમાં ત્રીજા વ્યક્તિના પ્રવેશને સહન કરી શકતી નથી. તેને લાગે છે કે તે હાલમાં જે સંબંધમાં છે અને તેમાં તેણે જે કંઈ પણ પ્રાપ્ત કર્યું છે, તે બીજા કોઈ સંબંધમાં અશક્ય છે. આમાં તે વાસ્તવિકતાથી અલગ થઈ જાય છે અને કોઈપણ મર્યાદાથી આગળ વધવાનું વિચારે છે. આ જ કારણ છે કે તે તેના જીવનસાથી સાથે અગાઉથી હત્યાનું આયોજન કરે છે.

### તો શું આ માનસિક બીમારી છે?

ડોક્ટરે કહ્યું કે જો પુરુષોમાં આવું થાય તો તેને માનસિક બીમારી કહી શકાય પરંતુ સ્ત્રીમાં આ વૃત્તિને માનસિક બીમારી ન કહી શકાય. આ એક ભાવનાત્મક અતિરેક છે જેમાં સ્ત્રી પહેલા સંબંધથી કોઈપણ હદ સુધી હટવું અને હટાવવાના કાવતરાને ખૂદના અસ્તિત્વ માટે ખતરો માને છે અને તેનો સામનો કરવા માટે કોઈપણ મર્યાદાથી આગળ વધવાની વૃત્તિ રાખે છે. સ્ત્રીઓ આ પરિસ્થિતિમાં મૂંઝવણમાં મુકાઈ જાય છે અને સાચું અને ખોટું નક્કી નથી કરી શકતી. આમાં કોઈ પણ સ્ત્રીમાં આ વૃત્તિ પહેલાથી જ હોતી નથી, તેથી આવી સ્ત્રીને બાળપણથી જ ઓળખી શકાય. તે અચાનક આવે છે, તેથી કોઈ તેને સમજી શકતું નથી. બાળપણથી જ તેને આ વૃત્તિ ન હોવાથી તે આ ગુનામાં એકલી સંડોવાયેલી નથી હોતી.